ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૩૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૩૯ ટકા

# સે-૨૯ રાજમંદિર ફલેટમાં આગ



## બપોરે ફલેટના મીટર બોર્ડમાં આગ લાગતા નાસભાગ : પાર્કિંગમાં પડેલા બે વાહનો સળગીને ખાખ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે આવેલા રાજમંદિર એપાર્ટમેન્ટમાં આજે બપોરના અરસામાં આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. ફલેટના મીટર બોર્ડમાંથી પ્રસરેલી આગ પાર્કિંગના વાહનો સુધી પહોંચી ગઈ હતી અને પાર્કિંગમાં પાર્ક કરેલા બે વાહનો પણ આગમાં લપેટાઈને સળગીને ખાખ થઈ ગયા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયરની ટીમે સ્થળ પર પહોંતી આગને ગણતરીની મીનીટોમાં કાબુમાં લઈ લેતા મોટી દુર્ઘટના ટળી હતી. સદનસીબે આ આગ દુર્ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી.

મળતી માહિતી મુજબ આજે બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં શહેરના સે-૨૯ પ્લોટ નં. ૧૭૫માં ઉભા કરાયેલા રાજમંદિર એપાર્ટમેન્ટના મીટર બોર્ડમાં આગ લાગી હતી. આગ ધીમે ધીમે પ્રસરીને પાર્કિંગ સુધી પહોંચી ગઈ હતી અને પાર્કિંગમાં પડેલું એક સ્કુટી અને એક સ્કુટર આગની લપેટમાં આવી જતા સળગીને ખાખ થઈ ગયું હતું. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને સમયસર કાબુમાં લઈ લેતા મોટી દુર્ઘટના સર્જાતા અટકાવી દીધી હતી. આ આગ દુર્ઘટનામાં કોઈ મોટી જાનહાની કે કોઈને ઈજાઓ કે કોઈ જાનહાની થવા પામી ન હતી. શોર્ટ સર્કીટથી આગ લાગી હોવાનું પ્રાથમિક તબક્કે લાગી રહ્યું છે.



## @ગાંધીનગર

● સાનિધ્ય હોસ્પિટલ પેથાપુર ખાતે વિના મૂલ્યે રોગ નિદાન કેમ્પ સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન યોજાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સે-૩-સી શકિત ચોક મંદિરમાં આનંદનો ગરબો બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

## પાનવાલા સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના પાનવાલા સમાજની દિકરી વૃતિકા એમ. પાનવાલાએ ધોરણ-૧૦ની



સીબીએસસી બોર્ડની પરીક્ષામાં ૭૬ ટકા પરિણામ પ્રાપ્ત કરી સમગ્ર સમાજનું નામ રોશન કર્યું છે. વૃતિકા પાનવાલા શ્રી સ્વામિનારાયણ પબ્લિક સ્કૂલ ખાતે અભ્યાસ કરે છે અને તેણે ચાલુ વર્ષે ધો-૧૦ સીબીએસસી બોર્ડની પરીક્ષા આપી હતી. ગાંધીનગર પાનવાલા સમાજ દ્વારા વૃતિકાને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## ગરમીના પ્રકોપને કારણે વૅકેશન લંબાવવાની માગ

ગાંધીનગર, તા. ૬

શહેરમાં ખાનગી શાળાઓનું વૅકેશન પૂર્ણ થઈ ગયું છે ને વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યનો સોમવારથી આરંભ પણ થઈ ગયો છે, પરંતુ કેટલાક જાગૃત વાલીઓ દ્વારા આ વૅકેશન લંબાવવામાં આવે એવી લાગણી ને માગણી વ્યક્ત કરવામાં આવી છે.

આ વખતે વૅકેશનનો પ્રારંભ વહેલો કરવામાં આવ્યો હતો એ કારણે વૅકેશન પૂર્ણ પણ વહેલું કરી દેવામાં આવ્યું છે, પરંતુ ગરમીનો પ્રકોપ જોતાં વૅકેશન લંબાવવામાં આવે એવી લાગણી વાલીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

અલબત્ત, આ બાબતે હજુ વાલીઓ સંગઠિત નથી થયા અને સ્કૂલને આ બાબતે કોઈ લેખિત જાણ પણ તેમના દ્વારા કરવામાં આવી નથી, પરંતુ અનેક વાલીઓ પરસ્પર આ બાબતે વાત કરીને આગળ વધી રહ્યા છે.

એક ખાનગી શાળાના પ્રિન્સિપાલે જણાવ્યું છે કે વાલીઓ દ્વારા મૌખિક રીતે વૅકેશનના દિવસો લંબાવવાની લાગણી વ્યક્ત કરવામાં આવી છે, જે માટે ગરમીનું કારણ વાલીઓ દ્વારા આગળ ધરવામાં આવ્યું છે. આ બાબતે વિચારણા કરવાની અને સંચાલક મંડળ સાથે વિમર્શ કરીને નિર્ણય લેવાની હૈયાધારણ આપવામાં આવી છે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.





## નિફટ ખાતે જવેલરી પ્રદર્શન યોજાયું

ગાંધીનગર ખાતેની નિફટ સંસ્થાના ફેશન એન્ડ લાઈફસ્ટાઈલ એસેસરીઝ ડિઝાઈન ડિપાર્ટમેન્ટની ૨૦૧૩-૧૭ બેચના ૪૪ વિદ્યાર્થીઓ દ્વારા ‘ફેસેટસ-૨૦૧૭’ નામનું અનોખું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ વિવિધ જવેલરી ડિઝાઈન્સ તથા જવેલરીના નમૂના રજૂ કર્યા હતા. આ જવેલરીમાં વિદ્યાર્થીઓએ કિંમીત પથ્થરો, ક્રાફટ પ્રોડકટસ વગેરેના ઉપયોગ થકી ટેબલ ટોપ એસેસરીઝ અને બેગ્સ વગેરે પણ બનાવી હતી. આ પ્રદર્શનને ભારતની અનેક જાણીતી જવેલરી બ્રાન્ડસ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યું હતું.

## વાતવાતમાં

● કાળઝાળ ગરમી સાથે ઉકળાટના માહોલમાં શાળાઓનો થયેલો પ્રારંભ બાળકો માટે ભારે અકળાવનારો સાબિત થઈ રહ્યો છે. એમાં બાળકોને નવા સ્કૂલ ડ્રેસના તાજા કડક કાપડને કારણે ચામડી છોલાવા જેવી ફરિયાદો ઉઠવા પામી રહી છે.

● ખુદ તંત્ર દ્વારા જ પાણી વેરો ભરાયો ના હોવાથી સમગ્ર શહેરના માથે જળસંકટ તોળાઈ રહ્યું છે. આ પરિસ્થિતિનો લાભ ઉઠાવવા ખાનગી વોટર સપ્લાય વિતરકોએ તેમના ટ્રેકટર ટેન્કર વગેરેને સર્વિસ કરાવી તાત્કાલિક ધોરણે વધુમાં વધુ ઉપયોગમાં લઈ શકાય તે રીતે તૈયારીઓ હાથ ધરી છે.

● સિવિલ હોસ્પિટલ ખાતે વિવિધ વિભાગની સફાઈનું કાર્ય હાથ ધરવામાં રહ્યું છે. આ અંતર્ગત સૌ પ્રથમ તાત્કાલિક સારવાર વિભાગની સફાઈ કામગીરી કરવામાં આવી હતી.

## ઘ-૨ નજીકથી તાડી વેચતા વધુ બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં હવે દેશી દારૂને બદલે તાડીનો વેપલો શરુ થવા લાગ્યો હોવાની મહિતી ગાંધીનગર એલસીબીને મળતા શહેરમાં તાડીનો વેપલો કરતા શખ્સોને પકડવા કવાયત હાથ ધરી છે. તાજેતરમાં ચરેડી નજીકથી તાડીના જથ્થા સાથે એકને પકડી પાડયો હતો. દરમિયાન ગઈ રાત્રે ઘ-૨ પેટ્રોલ પંપ સામેથી તાડી વેચતા બે શખ્સોને ૨૫ લીટર તાડી સાથે દબોચી લીધા હતા. હૈદરાબાદથી વાવોલ રહેવા આવેલો શખ્સ આ બંનેને તેલંગાણાથી તાડી વેચવા ઉઠાવી લાવ્યો હોવાનું ઈન્ટ્રોગેશનમાં ખુલ્યું છે.



ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે તાડીનું વેચાણ થતું અટકાવવા બાતમીદારો સક્રિય કર્યા છે ત્યારે ગઈ રાત્રિ ઘ-૨ પેટ્રોલ પંપ સામે શૌચાલય નજીક તાડીનો વેપલો ચાલતો હોવાની માહિતી મળી હતી. એલસીબીની ટીમે દરોડો પાડી તાડી વેચી રહેલા દુર્ગા વ્યંકટેશ મીન્ડે અને શિવા ઉર્ફે રાજેન્દ્ર પોસાયા ઓલિપુ (બંને રહે. સુર્યા સિનેમા પાસે વાવોલ, ગાંધીનગર મુળ તેલંગાણા) ને ૨૫ લીટર તાડી સાથે પકડી પાડયા હતા. જે એકટીવા પર તાડી વેચતા હતા તે એકટીવા પણ કબ્જે કરવામાં આવ્યું છે. બંનેની પુછપરછ કરતાં વાવોલ ખાતે રહેતા મુળ હૈદરાબાદના બાલીજી ઉર્ફે અન્ના નામનો શખ્સ આ બંનેને તેલંગાણાથી તાડી વેચવા લાવ્યો હોવાનું ખુલ્યું છે.

## ધારાસભ્યની ગ્રાન્ટમાંથી સે-૨ ઉના શોપીંગ સેન્ટર આગળ પેવર બ્લોક નાંખવા માંગ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના જાહેર શોપીંગ સેન્ટરોમાં સ્વચ્છતા અભિયાનના શુભ આશયથી દુકાનોની આગળ પેવર બ્લોકની કામગીરી હાથ ધરવામાં આવી છ. આ કામગીરીને સેકટર-૨ ઉના જાહેર શોપીંગ સેન્ટર્સના વહેપારી મંડળ દ્વારા બિરદાવવા સાથે સ્થાનિક ધારાસભ્ય અશોકભાઈ પટેલને તેમની ગ્રાન્ટમાંથી પેવર બ્લોકનું કામ કરી આપવા માંગ કરવામાં આવી છે.

સેકટર-૨ ઉમાં અંદાજે વિવિધ શોપીંગ સેન્ટર્સમાં મળીને ૪૫ જેટલી દુકાનો આવેલી છે. આ સેકટરના વહેપારી મંડળ દ્વારા સરકાર નિર્મિત શોપીંગ સેન્ટર્સને સ્થાનિક ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ૧૦૦ ટકા ખર્ચ આપી પેવર બ્લોકનું કામ કરી આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે આ માટે વહેપારી મંડળ દ્વારા સંકલનની કાર્યવાહી માટે ગૌરવભાઈ ભાવસારની કન્વીનર પદે નિમણુંક કરવામાં આવી છે. વહેપારી મંડળની આ માંગને સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ દ્વારા અનુમોદન આપવા સાથે ધારાસભ્યને તેમની ગ્રાન્ટમાંથી પેવર બ્લોકનું કામ કરી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સરકારી વિનયન કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા જોગ

ગાંધીનગર, તા.૬

સરકારી વિનયન કોલેજ સે-૧૫, ગાંધીનગરમાં બી.એ. સેમ-૩ અને બી.એ. સેમ-૫માં તા. ૮ જુનથી પ્રવેશ પ્રક્રિયા શરુ કરવામાં આવશે. સાથે આ કોલેજના વિદ્યાર્થીઓએ બી.એ.સેમ-૨ અને બી.એ. સેમ-૪માં જેવોને પ્રવેશ આપેલ હોઈ તેઓએ તા. ૮-૬-૨૦૧૭ના રોજ પ્રવેશ માટે જરુરી આધાર સાથે ૧૨ થી ૨ કલાક દરમિયાન હાજર રહેવા આચાર્યશ્રી સરકારી વિનયન કોલેજ ગાંધીનગરે જણાવ્યું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**નિયતિ ત્રિવેદી**
**વિદ્યાર્થી**

**ગાંધીનગર ગમે**

હરિયાળી, મોકળાશ, સગવડતા અને મનોહર લોકોને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

પોતાના પ્રેમથી કોઈને પણ પોતાનાં કરી લે અને પોતાની ક્ષમતાથી દુનિયામાં નામ કાઢી શકે એવા પાણીદાર લોકો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

જી ઈ કલબ, પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગ્રો ફાઉન્ડેશન, રેડક્રૉસ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા કરવામાં આવતી શિક્ષણ, સેવા, કલા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

યુવાશક્તિ સમાજકારણમાં રસ લે અને કાઠું કાઢે એ હેતુથી એમને માટે આ બાબતની યોગ્ય તાલીમની વ્યવસ્થા કરવામાં આવે એવી જરૂરિયાત વર્તાય છે.

**નગર માટે હું કરી શકું**

જાહેર જીવન અને વ્યક્તિત્વ વિકાસના સઘળા ઉપક્રમો માટે શહેરને મારી સર્વ પ્રકારની સહાય આપવા માટે હું તત્પર છું.

## સરગાસણથી પશુ ચોરી કરી ગયેલો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૬

શહેરને અડીને આવેલા સરગાસણ ગામના રાણાવાસમાંથી થોડા દિવસો અગાઉ એક પશુ ચોર વાડામાં ઘુસીને ભેંસ ચોરી ફરાર થઈ ગયો હતો. ઈન્ફોસીટી પોલિસે બીજા જ દિવસે અડાલજ વિસ્તારમાંથી આ ચોરાયેલી ભેંસને શોધી કાઢી હતી. આ ભેંસની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયેલ અડાલજનો શખ્સ ટીના ઠાકોર આખરે ઈન્ફોસીટી પોલીસના સકંજામાં આવી ગયો છે. ઈન્ફોસીટી પોલીસે તેની ધરપકડ કરી લઈ અગાઉ પશુ ચોરી કરી છે કે કેમ? તે અંગે ઝીણવટભરી પુછતાછ શરુ કરી છે.

## શહેરની હોસ્પિટલમાં છેલ્લા સપ્તાહમાં કમળાના ૯૫ કેસ

ગાંધીનગર, તા.૬

શહેરના આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. સમગ્ર શહેર અગનભઠ્ઠીમાં શેકાઈ રહ્યું છે. ગરમીથી શહેરનું જનજીવન પ્રભ્માવિત બન્યું છે. તેમ છતા શહેરમાં પાણીજન્ય રોગચાળો માથું ઉંચકી રહ્યો છે. શહેરની હોસ્પિટલમાં ગત્ સપ્તાહમાં તા. ૨૯-૫-૧૭ થી ૪-૬-૧૭ દરમિયાન કમળાના ૯૫, ઝાડા-ઉલ્ટીના ૪૯, અને મેલેરીયાના ૧૧ સહિત કોલેરાના પણ ૬ કેસ નોંધાવા પામ્યા છે. જયારે શહેરી વિસ્તારમાં કમળાના દર્દીઓની સંખ્યા વિશેષ જોવા મળી રહી છે. આ રોગચાળાને નાથવા આરોગ્ય તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.

શહેરમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. શહેરના નાગરીકો ગરમીને પગલે ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ત્યારે ગરમીથી રાહત મેળવવા માટે નગરજનો ઠંડક મેળવવા માટે વિવિધ ચીજવસ્તુનો સહારો લેતા હોય છે. શહેરમાં ઠંડી છાશ, શેરડીનો રસ, ઠંડી પાણીના પાઉચ, બરફના ગોળા, લીંબુ શરબત, લસ્સી તેમજ વિવિધ આઈસ્ક્રીમ સહિતની ચીજવસ્તુઓની હાટડીઓ ખુલ્લેઆમ ચાલી રહી છે. જેને પગલે નાગરીકોના આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. નાગરીકો આ વિવિધ હાટડીઓ પરથી બિનઆરોગ્યપ્રદ ખોરાક આરોગતા હોય છે. જેથી પાણીજન્ય રોગચાળાએ માથું ઉંચક્યુ છે. ડોકટરના જણાવ્યા મુજબ અત્યારે હાલ ઉનાળાની સિઝન ચાલી રહી છે આ સિઝનમાં પાણીજન્ય ઈન્ફેંકશન ઝડપી ફેલાય છે. જેને પગલે ઝાડા-ઉલ્ટી તેમજ કમળાના દર્દીઓની સંખ્યા વિશેષ જોવા મળે છે. જયારે ઉનાળાની સિઝનમાં બજારમાં મળતા બિન આરોગ્યપ્રદ ખોરાક ખાવાનું ટાળવું જોઈએ. શહેરની હોસ્પિટલમાં ગત્ તા. ૨૯-૫-૧૭ થી ૪-૬-૧૭ જુન દરમિયાન મેલેરીયાના -૧૧, ઝાડા-ઉલ્ટીના-૪૯ અને કમળાના ૯૫ કેસ નોંધાયા છે. કમળાના દર્દીઓમાં શહેરી વિસ્તારના દર્દીઓની સંખ્યા વિશેષ જોવા મળી છે. જયારે પાણીજન્ય રોગચાળો આવી ગરમીમાં પણ માથું ઉંચકતા આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ ચોંકી ઉઠયા છે. તંત્રએ પાણીજન્ય રોગચાળાને નાથવા તમામ વિભાગોને કામે લગાડી દીધા છે.

## જિલ્લા કક્ષા યોગાસન અને યુવક નેતૃત્વ તાલીમ શિબિર માટે અરજીઓ જોગ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા આયોજીત જિલ્લા કક્ષા યોગાસન અને યુવક નેતૃત્વ તાલીમ શિબિર- ૨૦૧૭-૧૮ માટે અરજીઓ મંગાવવામાં આવી છે. તા. ૨૦મી જૂન, ૨૦૧૭ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન આપવા માટે જિલ્લા રમતગમત અધિકારી શ્રી વી.બી.દત્તાએ જણાવ્યું છે.

## સરકારી વિજ્ઞાન કોલેજ પ્રવેશ પ્રક્રિયા જોગ

ગાંધીનગર, તા.૬

સરકારી વિજ્ઞાન કોલેજ સેકટર-૧૫ના વિદ્યાર્થીઓને જણાવવાનું કે દ્વિતિય વર્ષ તથા તૃતીય વર્ષમાં પ્રવેશ માટેની પ્રક્રિયા ૮ જૂનથી શરુ થનાર છે તથા શૈક્ષણિક કાર્ય તા. ૧૨ જૂનથી શરુ થશે તો તમામ વિદ્યાર્થીઓએ સમયસર કોલેજમાં પ્રવેશ મેળવી લેવા સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્યએ જણાવ્યું છે.

## જેડા આયોજિત સ્પર્ધાઓમાં નિસર્ગ સાયન્સના વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા.૬

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે તા. ૫મી જૂન સોમવારના દિવસે અમદાવાદમાં સાયન્સ સીટી ખાતે રાજય સરકારના કલાયમેન્ટ ચેન્જ ડિપાર્ટમેન્ટ તથા ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીના સંયુકત ઉપક્રમે વિવિધ પર્યાવરણીય સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પર્યાવરણીય સ્પર્ધાઓના ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ, જેડાના અગ્રસચિવ એપી.જે. હૈદર તથા નિયામક જે.ટી. અખાણી ઉપસ્થિત રહ્યા હતા. સાયન્સ કલબના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ચકલીના માળા બનાવવા, પર્યાવરણીય સુત્રો બનાવવા, પર્યાવરણીય નૃત્ય વગેરે જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ ટીમે ચકલીના માળા બનાવવાની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા પદ હાંસલ કર્યું હતું. આ વિદ્યાર્થીઓએ બનાવેલા ચકલીના માળા જેડાના ચેરમેન તથા ડાયરેકટર દ્વારા પ્રસંશા પામ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણીય નૃત્ય પણ રજુ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને જેડાની ઉર્જા મિત્ર વાન બતાવી સોલાર રૂફટોપ યોજના અંગેની ફિલ્મ બતાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સના કો ઓર્ડિનેટર્સ હાર્દિક મકવાણા, વિવેક મકવાણા તથા જિતેન્દ્ર ઠાકોર પણ જોડાયા હતા.






## ચિરવિદાય

- સ્વ. પશીબેન અમૃતલાલ સુથાર, ઉ.વ. ૮૫
- સ્વ. ગીરીશભાઈ હિરાલાલ સોની, ઉ.વ. ૫૨
- સ્વ. અમીત વિનોદચંદ્ર પટણી, ઉ.વ. ૪૨
- સ્વ. સુર્યાબેન મગનભાઈ પટેલ, ઉ.વ. ૫૨
- સ્વ. શંકરભાઈ બાબુભાઈ મારવાડી, ઉ.વ. ૨૮
- સ્વ. રઈબેન મૂળચંદદાસ સુથાર, ઉ.વ. ૭૫
- સ્વ. અમૃતલાલ મોહનભાઈ મોદી, ઉ.વ. ૭૯
- સ્વ. મધુબેન બાબુલાલ જયસ્વાલ, ઉવ. ૮૭